Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net

Volume-11,Issue-4,March-2018

# ગાંધી પ્રેરિત નેતૃત્વ મિઠુબેન પીટીટ

**ભૂમિકા બી. વસાવા**

પી.એચ.ડી સ્કોલર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી,
વલ્લભ વિદ્યાનગર મો. ૮૨૩૮૭ ૧૧૨૪૩

ભારતમાં અંગ્રેજોના આગમન પછી પરિવર્તનનો પવન ફૂંકાયો. ૧૯મી સદીમાં સ્ત્રીઓની સ્થિતિ વિશે વિપુલ સાહિત્ય લખાયું સ્ત્રીને પુરૂષની સમોવડી બનાવવાના પ્રયત્નો થવા લાગ્યા. સ્ત્રીઓને થતા અન્યાયો સામે કેટલાક સમાજસેવકો સજાગ બન્યા. બાળલગ્ન, સતીપ્રથા, વિધવાઓનું જાતિય શોષણ, કન્યા કેળવણીનો વિરોધ, જેવા સ્ત્રી સહજ દૂષણો સામે સમાજ સુધારાઓનું આંદોલન શરૂ થયું. ગુજરાતમાં દુર્ગારામ મહેતા, કવિનર્મદ, કરસનદાસ મૂળજી, મહીપતરામ નીલકંઠ વગેરે સમાજસેવકોએ સ્ત્રીઓની દુ:ખદાયક સ્થિતિને સુધારવા માટે પ્રયત્નો કર્યા. ૧૯૧૫માં ભારતમાં મહાત્મા ગાંધીજીનું આગમન થયું. ગાંધીજીએ સ્ત્રીઓને પણ આંદોલનમાં ભાગ લેવા જણાવ્યું અને દારૂના પીથાનું પિકેટિંગ, વિદેશી માલનો બહિષ્કાર, પ્રભાતફેરી, અસ્પૃશ્યતા નિવારણ વગેરે કાર્યક્રમોમાં સ્ત્રીઓને મોટા પાયે આંદોલનોમાં ભાગ લે તેવું જણાવ્યું. ગાંધીજીના પગલે અનુસરીને સરદાર પટેલે પણ સ્ત્રીઓને આંદોલનમાં જોડાવા હાકલ કરી. અને આંદોલનમાં જોડાયેલ સ્ત્રીઓને માર્ગદર્શન અને નેતૃત્વ મળી રહે તે માટે સ્ત્રીનેતાઓ પણ તૈયાર કરવા માંડી. ગાંધીજી અને સરદાર પટેલના નેતૃત્વ હેઠળ કસ્તૂરબા, શારદાબેન મહેતા, ભક્તિબા, વિદ્યાગૌરી નિલકંઠ, મણિબેન, મૃદુલાબેન સારાભાઈ, મિઠુબેન પીટીટ, અનસૂયાબેન સારાભાઈ, હંસાબેન મહેતા, સરલાદેવી, વગેરે મહિલાઓએ રાષ્ટ્રીય લડતોમાં અને સ્ત્રીઓના ઉત્કર્ષમાં મહત્વની ભૂમિકા ભજવી.

ઉપરોક્ત મહિલાઓમાં ગાંધીજીના સત્યાગ્રહો અને આંદોલનોમાં સક્રિય ભૂમિકા ભજવનાર સ્વાતંત્ર્યસેનાની હતા. મીઠુબેન પીટીટ મારા શોધપત્રનો વિષય છે. ગાંધી પ્રેરિત

મહિલા નેતૃત્વ: મિઠુબેન પીટીટ.

મિઠુબેન પીટીટ મોટી હરોળનાં રાષ્ટ્રભક્ત, સ્વાતંત્ર્યસેનાની, રચનાત્મક કાર્યકર અને સમાજસુધારક હતાં તેઓ તેમનાં કાર્યો થકી રાષ્ટ્રીય સ્તરના નેતાઓથી માંડીને સામાન્ય વર્ગના લોકોના હ્રદયમાં સ્થાન પામ્યા હતા. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓએ તેમને આપેલા ‘માયાજી’ બિરૂદથી તેઓ દેશભરમાં જાણીતાં હતાં.[૧] તેઓનો જન્મ ૧૧ એપ્રિલ ૧૮૯૨માં મુંબઈનાં પ્રતિષ્ઠિત કુટુંબમાં થયો હતો. હિંદના પહેલા બેરોનેટ સર દીનશા માણેકજી તેમના વડદાદા થાય. મિઠુબહેનના પિતાનું નામ હોરમસજી અને માતાનું નામ પીરોજબાઈ હતું. તેમના કુટુંબના મૂળપુરૂષ નસરવાનજી કાવસજી ઠીંગણા કદના હોવાથી પીટીટ (ઠીંગણા) તરીકે ઓળખાતા હતા. આથી તેમનું કુટુંબ પીટીટ તરીકે જાણીતું બન્યું. મિઠુબહેને પ્રાથમિક શિક્ષણ એક બંગાળી સ્કૂલમાં મેળવ્યું હતું. કોલાબાની સેન્ટ જીસસ અને મેરી કોન્વેન્ટ સ્કૂલમાં તેમણે સિનિયર કેમ્બ્રિજ સુધીનો અભ્યાસ કર્યો હતો. બાળપણમાં તેઓ વૈભવશાળી જીવન જીવ્યાં હતા. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે મિઠુબહેનનાં માસા જહાંગીરજીએ ભોજન-સમારંભ યોજ્યો હતો. આ સમયે મિઠુબહેન ગાંધીજીના સંપર્કમાં આવ્યા. સરોજિની નાયડુએ ‘રાષ્ટ્રીય સ્ત્રીસભા’ની સ્થાપના કરી હતી. તેમાં મીઠુબહેન પણ જોડાયાં. મિઠુબહેને પોતાનાં માસી જાયજીબહેન સાથે જાહેર જીવનની પ્રવૃત્તિઓ શરૂ કરી.

ઈ.સ. ૧૯૧૯માં ગાંધીજીએ ‘રોલેટ એક્ટ’ નાં વિરોધમાં શરૂ કરેલી ચળવળમાં તેમણે ભાગ લીધો. ખાદીની પ્રવૃત્તિ તરફ તેઓ આકર્ષાયાં અને રાષ્ટ્રીય સ્ત્રી-સભાના ખાદી વિભાગના મંત્રી બન્યાં. ખાદીના વેચાણ માટે તેઓ ગાંધીજી સાથે આખા દેશમાં ફર્યા. જલિયાવાલા બાગના હત્યાકાંડનાં બનાવે તેમના મન ઉપર ઊંડી અસર કરી. તેમનો પરિવાર ગર્ભશ્રીમંત હતો. તેમને આવા સમૃદ્ધ પરિવારનો ત્યાગ કરીને ગાંધીજીના સત્યાગ્રહો અને આંદોલનોમાં ઓતપ્રોત થઇ ગયાં. તેમનો અવાજ અને તેમની હિંમત ક્ષત્રિયાણીને શોભે તેવી હતી તે લોકોને કહેતા કે, જમીન જશે તો જીવાશે પણ નાક જશે તો જીવતર ધૂળમાં જશે. આમ મર્દ માણસે આમાં શાનો વિચાર કરવાનો હોય.[૨] આમ મિઠુબેન વીરમાતા સમાન ગણાવતાં હતાં.

ગાંધીજીએ ૧૯૨૨માં અસહકારનું આંદોલન બારડોલી તાલુકામાં શરૂ કર્યું. તેમાં દેશવાસીઓને જોડાવવાની હાકલ કરી મિઠુબહેન પણ સુખસાહ્યબી છોડીને દેશદેવા કરવા માટે અહિંસાના પ્રખરી પ્રહરી બન્યાં. આજીવન સત્યાગ્રહ – આંદોલન અને દેશસેવાની પ્રતિજ્ઞા લીધી.

આ રીતે મીઠુબહેનની કારકિર્દીની શરૂઆત ૧૯૨૨માં થઇ. તે જ વર્ષે ગાંધીજીની ધરપકડ થતાં મીઠુબહેન મુંબઈથી સુરત ગયાં. થોડો સમય ખાદીનો પ્રચાર કર્યો અને મુંબઈ પાછા ફર્યા. ૧૯૨૩માં બોરસદ સત્યાગ્રહમાં ભાગ લઈ તેઓ છાવણીમાં રહ્યા હતાં.[3]

૧૯૨૭માં જ્યારે ગુજરાતમાં જળપ્રલય થયો ત્યારે તેમણે ખેડા જીલ્લામાં રહીને ભક્તિબાની સાથે રાહતકાર્યો કર્યા. રવિશંકર મહારાજે નોંધ્યું છે કે, "મીઠુબહેને મારી સાથે મહી કાંઠાનાં કોતરો ખૂંદ્યાં છે, રોજના 15 માઈલ ચાલ્યાં છે અને રાતે સૂવા માટે ઓસરીઓમાં લૂગડું પાથરીને સૂતાં છે, તેમની ચોખ્ખાઈની ભાવના એવી તો ભારે કે કાદવમાં પગ પડે ત્યારે તેઓ હંમેશા સાબુથી પગ ઘસી – ધોઈ નાખતાં."[૪]

મીઠુબહેન જળપ્રલયનાં રાહતકાર્યોમાં વ્યસ્ત હતા. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ શરૂ થયો. મીઠુબહેનનું પણ આ સત્યાગ્રહમાં ખૂબ મોટું પ્રદાન રહ્યું. મીઠુબહેનની સાથે મણિબહેન, ભક્તિબા, શારદાબહેન પણ આ સત્યાગ્રહમાં રહ્યા અને બધી સ્ત્રીઓએ સાથે મળીને 'સ્વયંસેવિકા સંઘની' સ્થાપના કરી દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ કર્યું. માત્ર પિકેટિંગ નહિ પરંતુ બારડોલી તાલુકાના ગામોના ગામો ઘૂમીને ખેડૂતોમાં જાગૃતિ લાવીને સત્યાગ્રહ માટે તૈયાર કર્યા. મીઠુબહેનની કામગીરી જોઇને સરદાર પટેલે 'દીનભગિનીનું બિરુદ આપ્યું'.[૫] આ સત્યાગ્રહમાં જેટલું માન સરદારને મળ્યું હતું અને સરદાર જે દેશભરમાં લોકપ્રિય બન્યાં તેમજ મીઠુબહેનને પણ તેટલા જ માન મોભા મળ્યા હતા. મીઠુબહેનની સાથે આદિવાસી વિસ્તારમાં કાર્ય કરનાર ગાંધી કાર્યકર જુગતરામ દવેએ ગાંધીજી સમક્ષ મીઠુબહેન પીટીટ માટે ફરિયાદ કરી હતી. મીઠુબહેન સાથે તેમના આદિવાસીના કાર્યક્રમો અંગેની નીતિ માટે ગંભીર મતભેદો ઊભા થયા હતા, ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો 'મીઠુંબહેન એ સર્વોત્તમ, ખંતીલા, મહેનતું અને ચીવટવાળા કાર્યકર છે. તેઓ એકલા જ સ્ત્રીઓ પાસેથી કામ લેવાની કળા જાણે છે. હું તમને તેમની સાથી તાલમેલ કેળવી કામ કરવાની સલાહ આપું છું.'[૬]

બારડોલી સત્યાગ્રહમાં દારૂનિષેધની ચળવળ ચાલી રહી છે અને આ ચળવળનાં આત્મારૂપ કુમારી મીઠુબેન પીટીટ છે એમ ડૉ. સુમંત મહેતાએ નોંધ્યું છે.[૭] ગાંધીજીએ તેમને ગુજરાતની સ્ત્રીઓની સંસ્થા 'સ્ત્રી સ્વરાજ્ય સંઘનું' સૂકાન સોંપ્યું હતું. મીઠુબહેને વિદેશી માલનો બહિષ્કાર પણ કર્યો અને કાપડની હોળીઓ પણ કરી.

બારડોલી સત્યાગ્રહ દરમ્યાન જ્યારે મીઠુબહેનની પિકેટિંગ કરતાં ધરપકડ થઇ અને એ પછી તેમને સ્વરાજ્યની લડતમાં જીવન સમર્પણ કરવાનો નિર્ણય કર્યો. તે વિશે કુંવરજી મહેતા ‘રેતીમાં વહાણ’માં જણાવે છે કે તેમનાં આ નિર્ણયથી જે તેમના કુટુંબ ઉપર પ્રત્યાઘાત પડ્યા તે વિશે જણાવે છે – હોરમસજી પીટીટનાં મકાન પર ગમગીની ફક્ત એકવાર છવાઈ હતી. ‘હથેળીનો ફોલ્લી’ જેટલાં લાડપંપાળ નીચે ઉછરેલ હોરમસજી પીટીટનાં પુત્રી મીઠુબહેન સાપ કાંચળી ઉતારે તેમ સુખ – સાહ્યબી છોડી ગાંધીજીની સ્વરાજ્યની લડતમાં ભળ્યાં, તે તો વડીલો જેમ તેમ સહી શક્યાં. પરંતુ, મીઠુબહેને ડખુંચોખા ખાવાની અને જેલવાસ વેઠવાની પરીક્ષા પસાર કર્યા પછી આદિવાસી રાનીપરજની સેવામાં જીવન સમર્પણ કરવાનો નિર્ણય કર્યો, ત્યારે વડીલો અકળાઈ ઉઠ્યા હતા. મીઠુબહેને વારસામાંથી રદ કરવાની ધમકી આપી, પણ તેઓ પોતાના નિર્ણયમાંથી ચાળ્યા નહીં. આ પ્રસંગે હોરમસજી શેઠનું મકાન ગમગીનીની ચાદરમાં લપેટાઈ ગયું હતું. કાળ વિતતાં હોરમસજી પીટીટે મીઠુબહેનનાં સમર્પણનો સ્વીકાર કર્યો. ધીમે ધીમે પુત્રીની સેવાભાવાનાનું તેઓ ગૌરવ અનુભવતા હતા. મકાનમાં પાછું હસી-ખુશીનું વાતાવરણ પ્રસર્યું હતું.

રેતીમાં વહાણ પુસ્તકમાં કુંવરજી મહેતા એક પ્રસંગે જણાવે છે કે દાંડી કૂચ વખતે ગાંધીજીએ એક પ્રવચનમાં કહ્યું : ‘આપણે આપણા પોતાના મશાલચી થઈશું તો સુધારણા થઇ શકશે. આજ કલ્યાણજીભાઈએ અને કુંવરજીભાઈએ મશાલ ઉપાડી, મીઠુબહેને પણ ઉપાડી. એ મશાલ કેવી રૂડી – રૂપાળી શોભે છે, તે મને ખબર ન પડે. તે જેવાને તો અંતરચક્ષુ જોઈએ. મને અંતરચક્ષુથી એ સુંદર લાગે છે.’[૮]

છાપામાં આ પ્રવચનનો અહેવાલ વાંચી મીઠુબહેનનાં પિતા હોરમસજીનું હૈયું આનંદ વિભોર થઇ ઉઠ્યું હતું. મીઠુબહેનની રાષ્ટ્રસેવાની વાત તેમણે ગર્વભેર મિત્રોમાં કરી હતી. મિત્રો પણ મીઠુબહેનનાં સમર્પણનો આદર કરતા થયા હતા. મીઠુબહેન દારૂ – તાડીનો વિરોધ કરતાં, તેની ટીકા કોઈ પારસી હોરમસજી પીટીટની હાજરીમાં ન કરી શકતો. કુટુંબથી અળગી થયેલી પુત્રીને કરોડપતિ પિતાએ આટલી હદે અપનાવી લીધી હતી.

મહાત્મા ગાંધીજીએ આદિવાસી પ્રજાને રાષ્ટ્રીય શાળાઓ, કેળવણી, ખાદી, કાંતણ, સ્વાતંત્ર્ય વગેરે પાઠો શીખવવા માટે કાર્યકર્તાઓને મોકલ્યા. આ કાર્યકર્તાઓનું સૌથી પહેલું કામ દારૂબાંધીનું રહ્યું. ગાંધીજીના ચુનંદા સૈનિકોમાં મીઠુબહેન ખુબ જ સક્રિય રહ્યાં. તેમણે આજીવન

રાષ્ટ્રસેવા કરી, સુરત જિલ્લાનાં કાર્યકરોમાં કલ્યાણજીભાઈ મહેતા, કુંવરજીભાઈ, જુગતરામ દવે તેમના સાથે રહ્યા. ૩૦ ડિસેમ્બર ૧૯૩૦ના રોજ તેમણે મરોલીમાં કસ્તૂરબાગાંધી સેવાશ્રમની સ્થાપના કરી. અને મહાત્મા ગાંધીજીના હાથે આશ્રમનાં મકાનનો પાયો સરદાર પટેલ અને સરહદના ગાંધીની હાજરીમાં નંખાયો. ૧૯૩૧માં ગાંધીજીએ મિઠુબેનને ચેતવ્યાં કે, "મારે હાથે પાયો નંખાવો છો? તેની જવાબદારી તમે સમજો છો," ત્યારે મીઠુબહેન તેમને તરત ઉત્તર વાળ્યો, "હા બાપુ! મેં નિર્ણય કર્યો છે કે હું અહીં જ દટાવવાની છું".[૯] મીઠુબહેનનો દેહ મરોલીમાં જ પડ્યો હતો. અને તેમના અંતિમ સંસ્કાર પણ મરોલીનાં કસ્તૂરબા સેવાશ્રમમાં જ થયા હતા. સ્ત્રીઓને શિક્ષણ સાથે વ્યવસાયની તાલીમ મળે તે માટે ખાદીપ્રચારનું કામ પણ શરૂ કરવામાં આવ્યું. આ આશ્રમ સ્થાપવાનો હેતુ બહેનોમાં રાશ્રીય જાગૃતિ લાવવાનો હતો. મરોલીમાં તેમણે આશ્રમશાળા, છાત્રાલય, ખાદીવણાટ, ગૌશાળા, ગ્રામોદ્યોગ, વૈદકીય સારવાર અને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસાવી.[૧૦]

મીઠુબહેન પીટીટે જોયું કે દારૂના પીઠાવાળા પારસીઓ આદિવાસીઓને દારૂ પીવડાવતા તેમજ શાહુકારો પૈસા ધીરતા, અનાવિલ અને પાટીદારો પણ પૈસા ધીરતા તેમની જમીનો આંચકી લેવામાં આવતી. મિઠુબેન પીટીટેઆ દશામાંથી છોડાવવા પહેલા તો બધા જ દુઃખો અને રોગનું મૂળ દારૂ તાળી પીવાનું બંધ કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. પારસીઓની દારૂની દુકાનો ઉપર મીઠુબહેન અને તેમના કાર્યકરોએ પીકેટીંગ શરૂ કર્યું. ગામડે ગામડે ફરી તેમના કાર્યકરોએ અને મીઠુબહેને તાડીનાં ઝાડો કપાવી નાખ્યાં. કસ્તૂરબા નિષેધ મંડળ મરોલીમાં સ્થપાયું. આદિવાસીઓમાં આધ્યાત્મિકતાનું વાતાવરણ ઊભું કરવા માટે ૫૦ જેટલી ભજન મંડળીઓનું આયોજન કર્યું.

મીઠુબહેને મરોલીમાં રહીને ગરીબ – આદિવાસી સ્ત્રીઓ અને બાળકો માટે વિવિધ પ્રકારની તાલીમની સંસ્થાઓ સ્થાપી તેમની સેવા કરી. તેમજ સૌ પ્રથમ રાનીપરજ કન્યાવિદ્યાલયની સ્થાપના કરી. મિઠુબેન રાનીપરજોનાં ઘેરઘેર જઈને તેમની છોકરીઓને સમજાવતાં તેમના માં-બાપને પણ સમજાવીને કન્યાશાળામાં લઈ જતાં. આદિવાસી પ્રજામાં સૌથી મોટું દૂષણ હતું તે અંધશ્રદ્ધા, આ પ્રજા વહેમ, મંત્રતંત્ર, ભૂવામાં માનતી અને ભૂવાઓ તેમના ભગવાન હતા. આવી સ્થિતિમાં તેઓ લોકોને અંધશ્રદ્ધામાંથી બહાર લાવવા સમજાવતાં.

મીઠુબહેને પોતાની પિતાના નામની હોરમસજી પીટીટ હોસ્પિટલ શરૂ પણ કરી હતી જેનો લાભ પ્રજાને મળતો.

દાંડીકૂચ ૧૨ માર્ચ ૧૯૩૦માં અમદાવાદથી શરૂ થઇ હતી. જ્યારે કૂચ સૂરત જિલ્લામાં આવી ત્યારે મીઠુબહેન જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ હતા. તેમણે અગાઉથી જ હજારોની સંખ્યામાં લોકોનો સંપર્ક કરીને ભેગાં કરીને ગાંધીજી અને સત્યાગ્રહીઓનું ભાવભીનું સ્વાગત કર્યું. છઠ્ઠી એપ્રિલના રોજ ગાંધીજીએ સાગરકાંઠામાંથી ચપટી મીઠું ખોબામાં ભરીને કાયદાનું ઉલ્લંઘન કરીને બ્રિટીશ સલ્તનતને નમાવી. આ સમયે મીઠુબહેન તેમની સાથે હતા તેમને ૪ મહિનાની જેલ થયેલી. મીઠુબેનની અડધી સદી જેટલી લોકસેવાની કદરરૂપે ૧૯૬૧માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ એનાયત કર્યો હતો.

પાદટીપ


૧. મહેતા, શિરીન (૨૦૦૯), 'ગુજરાતમાં નારીચેતના' દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ,પરિશિષ્ટ- ૨.

૨. ગુજરાતી વિશ્વકોશ, ખંડ – ૧૧, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૩૮૦.

૩. રાજદફતર, સરદાર પટેલ વિશેષાંક, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેક્ટર-૧૭, ગાંધીનગર, પૃ. ૨૭૨.

૪. મહેતા, શિરીન, ઉપરોક્ત, પૃ – ૪૪૪.

૫. એજન, પૃ – ૪૪૫.

૬. એજન, પૃ – ૪૨૨.

૭. મહેતા, સુમંત, 'બારડોલી અને રચનાત્મક કાર્ય,' 'પ્રસ્થાન', ઓક્ટોબર – ૧૯૨૮.

૮. વૈદ્ય, બાબુભાઈ (૧૯૭૫), રેતીમાં વહાણ, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૯૫, ૧૯૬.

૯. મહેતા, શિરીન, ઉપરોક્ત, પરિશિષ્ટ – ૨.

૧૦. ચૌધરી, ભરત, ભારતીય ઇતિહાસમાં સ્ત્રીઓ, ભારત પ્રકાશન અમદાવાદ, પૃ. ૧૨૪